## જન્મદિને વધામણી



મનીષ ટી ખત્રી
પ્રિન્સિપાલ, પ્રેરણા વિદ્યાલય
મો. ૯૪૨૬૩ ૫૯૫૨૨



દૃષ્ટિ મનીષ ખત્રી
મો. ૯૪૨૬૩ ૫૯૫૨૨



પંકજ સી ગાંધી
મો. ૯૪૨૭૩ ૦૭૮૩૪



જૈનિલકુમાર કે. તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧



શીતલબેન કે. તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની ધમાકેદાર ફ્રેશર્સ પાર્ટી









## નવા વિદ્યાર્થીઓએ પોતાનાં ટૅલેન્ટથી સૌને પ્રભાવિત કરી સ્પર્ધાને રોચક બનાવી

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા બુધવારે ફ્રેશર્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ વર્ષ બીકૉમમાં પ્રવેશ લેનારા ૧૪ વિદ્યાર્થીઓ માટે શેઠ ખીમજી વિસરામ હૉલ ખાતે સ્કેચ, પેઈન્ટિંગ, ક્વિલીંગ, લોકગીત, શીઘ્ર વક્તૃત્વ અને ડાન્સ જેવી વિવિધ કલાઓમાં પોતાનું કૌશલ પ્રદર્શિત કર્યું હતું. નિર્ણાયક તરીકે મમતા ઢેબર અને કુંતલ નિમાવત દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી. સ્વપરિચય, કલાકૌશલ અને નિર્ણાયકો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના આધારે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યં હતું. આ સ્પર્ધા ઘણી જ રોચક રહી હતી. નવા વિદ્યાર્થીઓએ પોતાનાં ટૅલેન્ટથી સૌને પ્રભાવિત કર્યાં હતાં. સ્પર્ધાને અંતે, મિસ્ટર ફ્રેશર તરીકે આકાશ કુમાર અને મિસ ફ્રેશર તરીકે પ્રિયંકા ટાંકને વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમની આભારવિધિ ડૉ. નીના ગણેશન દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. પુનમ લોહાણા અને ડૉ. સોનલ લેન્ડે દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચાઈલ્ડલાઈન ૧૦૯૮ દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને રેઈનકોટનું વિતરણ




સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ સંચાલિત ગાંધીનગર ચાઈલ્ડલાઈન ૧૦૯૮, જે જરૂરિયાતમંદ બાળકો માટેની આપાતકાલીન સેવા છે તેના દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને દાતાઓ પાસેથી પ્રાપ્ત કરવામાં આવેલા રેઈનકોટનું વિતરણ સરકારી શાળાઓ ખાતે કરવામાં આવ્યું હતું.



સૅક્ટર-૬માં કાર્યરત નાણાંવટી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. સ્કૂલની આસપાસના વિસ્તારમાં વિદ્યાર્થીઓએ હોંશેહોંશે વૃક્ષારોપણ કર્યું હતું. વિદ્યાર્થીઓના ઉત્સાહને વધારવા માટે આ ઉમદા કાર્યમાં શિક્ષકોએ પણ સતત તેમની સાથે રહી સ્વહસ્તે વૃક્ષારોપણ કર્યું હતું.

## કેઍસવી ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન ખાતે કાવ્યરચના અને કાવ્યપઠન શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૧

શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ, ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન, સૅક્ટર-૨૩, ગાંધીનગર (કડી સર્વ વિશ્વવિદ્યાલય) દ્વારા વિદ્યાર્થીઓને કાવ્યરચના અને કાવ્યરચના અને કાવ્યપઠનની લાક્ષણિકતાઓની જાણકારી મળી રહે તેમજ શિબિરાર્થીઓ કાવ્યરચનાનું લેખનકાર્ય કરે તે હેતુથી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.


આ કાર્યક્રમના આરંભે નરેન્દ્રભાઈ નાયીએ સાહિત્યવર્તુળના ઉદ્દેશોની જાણકારી આપી મોહનલાલ પટેલના જીવન અને કવન વિશેની માહિતી આપી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાન દલપતભાઈ પઢિયારે કવિતા એટલે શું ? કવિતાની શક્તિઓ, કાવ્યમાં ધ્વનિ વગેરે વિશે ઝીણવટપૂર્વકની માહિતી આપી વિવિધ કવિઓની કાવ્યરચનાઓનું તેમજ પોતાની સ્વરચિત કૃતિઓનું પઠન કર્યું હતું. આ ઉપરાંત કૅમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અસ્મિતા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમ



સૅક્ટર-૧૬માં કાર્યરત મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે ૯થી ૧૫ વર્ષની વયનાં બાળકો માટે ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સરકારી દવાખાનું, સૅક્ટર-૨૪ના ડૉ. હિનલબેન અને સ્ટાફ દ્વારા આ કાર્યક્રમ હેઠળ પોતાની સેવાઓ આપવામાં આવી હતી. શાળાનાં આચાર્ય કોકિલાબેન અને સ્ટાફગણે કાર્યક્રમને સફળ બનાવવા માટે પોતાનું સક્રિય યોગદાન આપ્યું હતું.

## કુંડલિની એ શરીરમાં રહેલી પરમાત્માની મૂળ શક્તિ છે




ઉપનિષદ ચૅરીટેબલ ટ્રસ્ટ દ્વારા ‘કુંડલિની’ નામથી એક નવા પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ટ્રસ્ટનું આ ૬૪મું પુસ્તક છે. પ્રસ્તુત પુસ્તક ઓશોના હિન્દી પુસ્તક ‘જિન ખોજાતિન પાઈયાં’નો પૂર્વાર્ધ છે, જમાં ૯ પ્રકરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શરીરમાં સાત ચક્રો છે. કુંડલિની શરીરમાં રહેલી પરમાત્માની મૂળ શક્તિ છે, જે અસીમ છે. જ્યારે કુંડલિની સક્રિય બને છે અને જાગે છે ત્યારે તે સાતેય ચક્રોને ભેદીને અસ્તિત્વમાં, પરમાત્મામાં લીન થઈ જાય છે અને તે જ મોક્ષ ગતિ છે, મુક્તિ છે.

કુંડલિની પુસ્તકમાં ઓશો કુંડલિનીને અસ્તિત્વના સાગરમાં લીન કરવા માટેની ધ્યાનવિધિ સમજાવે છે, કરાવે છે.

કુંડલિની ધ્યાન વિધિ માટે ઓશો ચાર ચરણ સૂચવે છે.

પ્રથમ ચરણ : આંખો બંધ કરી ઊંડા શ્વાસોશ્વાસ લેવાના છે. દસ મિનિટ માટે સમગ્ર તાકાતથી જેટલા ઊંડા શ્વાસ લેવાય તેટલા લેવાના છે અને તેટલી જ તાકાતથી તેને છોડવાનો છે.

બીજું ચરણ : તીવ્ર શ્વાસની સાથે શરીરને જે કરવું હોય તે કરવા દો. શરીરને ઢીલું છોડી દો અને આંસુ નીકળે તો નીકળવા દો. નાચવા લાગે તો નાચવા દો, હસવા ઈચ્છે તો હસવા દો, આળોટવા ઈચ્છે તો આળોટવા દો. શરીરને દસ મિનિટ માટે જે ઈચ્છા થાય તે કરવા દો.

ત્રીજું ચરણ : ઊંડા શ્વાસ ચાલુ રાખો અને અંદરથી પૂછવાનું ચાલુ કરો, હું કોણ છું ? હું કોણ છું ? હું કોણ છું ? સમગ્ર શક્તિ લગાવીને દસ મિનિટ માટે અંદર પૂછો કે હું કોણ છું ? હું કોણ છું ?

ચોથું ચરણ : પૂર્ણ વિશ્રામ - શાંત, શૂન્ય, જાગૃત, મૌન અને પ્રતીક્ષારત બનીને મૃતઃપ્રાય સ્થિતિમાં અંતિમ દસ મિનિટ માટે મૃતવત્ પડ્યા રહો.

પ્રસ્તુત પુસ્તકમાં ઓશોએ કુંડલિની ધ્યાનની વૈજ્ઞાનિકતા સમજાવી છે અને ધ્યાન બાબતે, જીવન બાબતે જિજ્ઞાસુઓમાં ઊભા થયેલા પ્રશ્નોના રસપ્રદ, સચોટ અને સમજથી ભરપૂર જવાબો આપવામાં આવ્યા છે.

પુસ્તક : કુંડલિની
પ્રથમ આવૃત્તિ : જુલાઈ, ૨૦૧૮
લેખક : ઓશો
અનુવાદક : ડૉ. પ્રજ્ઞા શાહ
પ્રકાશક : ઉપનિષદ ચૅરિટેબલ ટ્રસ્ટ, વડોદરા. ફોન : ૨૫૮૦૩૩૬, ૨૬૩૮૨૬૯
કિંમત : રૂા. ૧૬૦/-

# ડીપીએસ ખાતે વિદ્યાર્થી પદારોહણ સમારોહ





## આચાર્યએ વિદ્યાર્થીઓને જવાબદારીનું વહન નિષ્ઠાપૂર્વક કરવાનું સૂચન કર્યું

ગાંધીનગર, તા. ૨૧

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓનો પદારોહણ સમારોહ યોજવામાં આવ્યો હતો.

છેલ્લાં ૧૪ વર્ષથી વિદ્યાર્થીકાળથી જ બાળકોને અગ્રેસરતાના ગુણ શીખવવાની પહેલના ભાગરૂપે ડીપીઍસ, ગાંધીનગરમાં ચાર ગૃહ - મહી, સાબરમતી, નર્મદા અને વાપીમાં વિભાજીત વિદ્યાર્થીઓની કાર્યકારિણીની રચના કરવામાં આવે છે અને સ્કૂલ કૅપ્ટન, કલ્ચરલ કૅપ્ટન, સ્પોર્ટ્સ કૅપ્ટન, સીસીએ કૅપ્ટન જેવી વિવિધ શ્રેણીમાં સર્વતોમુખી વિકાસ અર્થે વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે છે. અતિથિવિશેષ તરીકે ચિલ્ડ્રન યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ હર્ષદભાઈ શાહે વિદ્યાર્થીઓને ‘લીડર’ના એક એક વર્ણના અર્થને વિસ્તૃતપણે સમજાવ્યો હતો.

કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય અતનુ રથે વિદ્યાર્થીઓને જવાબદારીનું વહન નિષ્ઠાપૂર્વક કરવાના સૂચન સાથે આભારવિધિ કરી હતી.

## આજથી શ્રી જલારામ મંદિર ખાતે નિઃશુલ્ક ફિઝિયોથેરાપી કૅમ્પ

ગાંધીનગર, તા. ૨૧

શ્રી જલારામ મંદિર, સૅક્ટર-૨૯ ખાતે સોમવારથી નિઃશુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં શ્રી જલારામ સેવા સમાજના પ્રમુખ જિતેન્દ્રકુમાર સોજાણીએ જણાવ્યું છે કે તા. ૨૩ જુલાઈથી ૨૭ જુલાઈ સુધી સવારે ૯થી ૧ કલાક દરમિયાન જલારામ મંદિર ખાતે આ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સી ઍમ પટેલ કૉલેજ ઑફ ફિઝીયોથેરાપી અને કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત નર્સિંગ કૉલેજ દ્વારા સેવાઓ આપવામાં આવશે. કૅમ્પમાં કમર, ઘુંટણ, ગરદન, ખભાના દુખાવા માટે સચોટ નિદાન અને સારવાર આપવામાં આવસે તેમજ અન્ય સાંધા તથા સ્નાયુના દર્દનું નિવારણ નિઃશુલ્ક કરવામાં આવશે.